# લગન સંબંધ તરછોડીને પ્રેમમાં અંધ બનેલા પ્રેમી પંખીડાનો આપઘાત

## અમદાવાદથી રિક્ષામાં રાયપુર કેનાલ પાસે આવ્યા અને ઝેરી દવા ગટગટાવી લઈને કમરે સાડી બાંધી કેનાલમાં પડતું મુકયુ

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદના સરસપુર વિસ્તારમાં રહેતા પરિણીત યુવાન અને પરિણીત યુવતી વચ્ચે પ્રેમ સંબંધ હોવાથી લગ્ન સંબંધોને તરછોડી મુકી પ્રેમમાં અંધ બનીને બંનેએ આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી છે. અમદાવાદથી ગાંધીનગર નજીક આવેલા રાયપુર નર્મદા કેનાલ પાસે રિક્ષામાં આવીને બંનેએ ઝેરી દવા ગટગટાવી લીધા બાદ કમરે સાડી બાંધી દઈને કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી બંને પ્રેમી પંખીડાનું મૃત્યુ થયું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના સરસપુર વિસ્તારના પ્રેમી પંખીડા આજે ગાંધીનગર નજીકની રાયપુર નર્મદા કેનાલ પાસે રિક્ષા લઈને આવી પહોંચ્યા હતાં. બંને પરિણીત યુવક યુવતી હતાં. લગ્નના પવિત્ર સંબંધને તરછોડીને પ્રેમમાં પાગલ બની ગયેલા પ્રેમી પંખીડા રાયપુર કેનાલ પાસે આવી ગયા બાદ ઝેરી દવા ગટગટાવી લીધી હતી અને સાડીને કમરેથી બાંધી દઈને રાયપુર કેનાલમાં ઝંપલાવી દીધું હતું. પ્રેમી પંખીડાઓએ કયાં કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી બહાર આવ્યું નથી. જો કે પ્રાથમિક તપાસમાં પ્રેમમાં નિષ્ફળતા મળતા એટલે કે બંનેને એકબીજા સાથે પ્રેમ હોવા છતાં તેમના પ્રેમસંબંધ લગ્નસંબંધમાં ન પરિણમતા આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને સઘન તપાસ શરુ કરી છે.

### લીંબડીયા કેનાલમાં ઝંપલાવીને યુવાને જીવન ટુંકાવ્યું

ગાંધીનગર નજીક આવેલી લીંબડીયા નર્મદા કેનાલમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા વિસ્તારમાં રહેતા યુવાને પડતું મુકીને આપઘાત કરી લીધો છે. ૨૭ વર્ષીય પરિણીત યુવાન બળદેવજી બબુજી મકવાણાએ માનસિક બિમારીથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

# એસ.ઓ.જી.એ દરોડા પાડીને છ મકાનમાલિકો સામે ગુના નોંધ્યા

## પરપ્રાંતિય વ્યકિતઓને મકાન ભાડે આપી દીધા હતા પરંતુ સ્થાનિક પોલીસને જાણ કરી ન હતી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે આકસ્મિક દરોડા પાડીને બે દિવસમાં છ મકાન માલિકો વિરૂધ્ધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે. સુરક્ષા અને આંતરિક સલામતીનાં ભાગરૂપે ભાડુઆતની જાણ તથા તેની સંપૂર્ણ વિગતો સ્થાનિક પોલીસને આપવા જાહેરનામું પ્રસિદ્ધ થયેલ છે. જે સંદર્ભે એસ.ઓ.જી.એ કડક કાર્યવાહી શરુ કરી છે. બે દિવસમાં પર પ્રાંતિય વ્યકિતઓને મકાન ભાડે આપીને સ્થાનિક પોલીસને જાણ ન કરનાર છ મકાન માલિકો સામે કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને કાર્યવાહી સઘન બનાવી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ.ની સુચના થી સ્ટાફના વિષ્ણુભાઈ, ભૂપેન્દ્રસિંહ, ગૌતમભાઈ, પૂનમભાઈ, સિરાજખાન તથા મહેશભાઈ સહીતની ટીમે અડાલજ અને સે-૨૧ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં અલગ અલગ છ સ્થળોએ દરોડા પાડીને છ મકાનમાલિકો કે જેમણે પર પ્રાંતિય લોકોને મકાન ભાડે આપ્યા બાદ પણ સ્થાનિક પોલીસને જાણ કરી ન હતી તેમના વિરૂધ્ધમાં કાર્યવાહી કરી છે. ભાટ ગામના ત્રણ મકાન માલિકો ભીખાભાઈ ભીમાભાઈ ભરવાડ, મનુભાઈ ભીખાભાઈ ભરવાડ અને કનુભાઈ દેવાભાઈ ભરવાડ ઉપરાંત સે-૨૧ પોલીસ હદ વિસ્તારના ત્રણ મકાન માલિકો સહિત છ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર સ્થિત સરકારી કચેરીઓનું સરનામું દર્શાવતા બોર્ડ પર છેલ્લા ઘણા સમયથી ટાયર ટયૂબ રાહદારીઓના નજરે પડી રહ્યા છે. બોર્ડ પરના લખાણ પહેલા આ ટાયર ટબૂબના હારતોરા સૌની નજરે પહેલા પડે છે. શું આનો કોઈ રણીધણી ખરો કે નહીં?!! (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં જીએસપીસીની લાઈનો નાંખતી વખતે ફુટપાથો તુટી ગઈ

## કોન્ટ્રાકટર દ્વારા ફુટપાથ સરખી કરવાની તસ્દી ન લેવાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં જીએસપીસી દ્વારા ગેસ અંગેની પાઈપલાઈનો નાખવાનું કામ કોન્ટ્રાક્ટરે હાથ ધર્યું છે. આ કામગીરી દરમિયાન અનેક મશીનરી કામે લગાડાતી હોય છે. જેમાં ફુટપાથ નજીક આ લાઈનો નાખતી વખતે મશીનરી દ્વારા ફુટપાથો અનેક ઠેકાણે તુટી ગઈ છે. જેને ઘણો સમય થવા આવ્યો છતાં કોન્ટ્રાક્ટર દ્વારા ફુટપાથ મરામત ન થતાં લોકોમાં નારાજગી પ્રવર્તી છે.

રાજયના પાટનગરના માર્ગો અને ફુટપાથો રાજયભરમાં શ્રેષ્ઠ મનાય છે અને તેની જાળવણી પણ તંત્ર દ્વારા લેવાય છે. પરંતુ તાજેતરમાં જીએસપીસીની ગેસ નાઈનો નાખવાનું કામ ઠેકેદાર અનેરી કન્સ્ટ્રકશનને સોંપી કામગીરી શરૂ કરાઈ હતી. સેક્ટર-૨૧ નજીકથી સિધિ લાઈનમાં સેક્ટર-૨૫ તેમજ શહેરનાં અન્ય સીધા માર્ગો ઉપર આ કામગીરી થઈ રહી છે.

આ કામગીરી માટે જેસીબી મશીન તેમજ લગત અન્ય મનીશનીનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. જેમાં સીધા માર્ગોની ફુટપાથ પછી થયેલી આ કામગીરી દરમિયાન અનેક ફૂટપાથો ઠેર ઠેર તુટેલી અવસ્થઆમાં નજરે પડી રહી છે. શહેરનાં નયન રમ્ય માર્ગોની ફુટપાથો વચ્ચે પડેલા આ ગાબડાં 'સોનીની થાળીમાં લોઢાની મેખ' સમાન ભાસી રહ્યા છે. જેમ કે ઘણો સમય થવા આવ્યા છતાં મરામત ન થતાં મોર્નિંગ વૉક કે રાત્રીના સમયે ફરવા નીકળતા શહેરીજનો બળાપો કાઢી રહ્યાં છે.

શહેરના વિકાસ અને તેની સુંદરતા માટે થતી કામગીરીને શહેરીજનો એ હરખભરે આવકારી છે પરંતુ આ કામગીરી દરમિયાન અન્ય ઠેકાણે થતાં નુકશાન અને ખરાબી પ્રત્યે લાપરવાહી એ યોગ્ય કામગીરી ન હોવાનું જણાવી જે તે ઠેકેદાર પાસેથી તે નુકશાન વસુલવા કાર્યવાહીની માંગ ઉઠી છે.

# વરસાદી પાણી અને ગંદકીથી શહેરમાં મચ્છરજન્ય રોગો થવાની ભીતી

ગાંધીનગર, તા. ૧૪

ચોમાસાની ઋતુના પ્રારંભને પગલે શહેરમાં બે-ત્રણ વરસાદી ઝાપટા પડી ચુક્યા છે. ત્યારે શહેરમાં વિવિધ વિસ્તારોમાં જ્યાં જુઓ ત્યાં ગંદકી જોવા મળી રહી છે. વરસાદી ઋતુ અને ગંદકીને પગલે શહેરમાં મચ્છરનો ત્રાસ ખુબ વધી જવા પામ્યો છે. મચ્છરજન્ય રોગચાળો શહેરમાં ફાટી નીકળે નહીં તે માટે તંત્ર દ્વારા શહેરની યોગ્ય સાફ સફાઈ કરવામાં આવે તેમ જ કચરાના ઢગ દૂર કરવામાં આવે તેવી લોકોની માંગણી છે.

શહેરમાં દિવસ દરમ્યાન એકાદ નાના મોટા ઝાપટા પડવાનું શરૂ થઈ ગયું છે. આવા સંજોગોમાં શહેરમાં વિવિધ જગ્યાએ મુકવામાં આવેલી કચરાપેટીઓ અને તેમની આજુબાજુની જગ્યા ઉપર કચરાના ઢગનો જમાવડો જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં આજ કચરો પલળ્યા પછી આમાં કોહવારો ઉત્પન્ન થઈ અંદર માંખી અને મચ્છરનો ઉદ્ભવ કેન્દ્રો બનતા હોય છે. તેમજ સેક્ટરના સ્થાનિકોને ન સહેવાય તેવી અતિશય દુર્ગંધ પણ ફેલાતી હોય છે. આજ પરિસ્થિતિ શહેરને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારોની પણ થવા પામી છે. આ ઉપરાંત જરાક અમથા વરસાદમા પણ સેક્ટરના આંતરિક રસ્તાઓ ઉપર પાણી ભરાવવાના બનાવો પણ વધતા જાય છે. જેના કારણે રોડની સાઈડો ઉપર કાદવ કીચડનું પણ સામ્રાજ્ય વધવા લાગ્યું છે. વરસાદ અને અતિશય ગંદકીના પગલે શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોમાં પણ વધારો થતો જણાય છે. બીજી બાજુ તંત્ર એકજ વાત વાગોળી રહ્યું છે કે વરસાદ થયા પછી સંપૂર્ણ પરિસ્થિતિ થાળે પાડવામાં આવશે. પરંતુ વરસાદ પડેલા કોઈપણ કામ કરવામાં તંત્રની ઘણીજ લાપરવાહી માલુમ પડી છે. તંત્રના માથે સફાઈની જવાબદારી હોવા છતાં પણ તંત્ર સફાઈમાં ખુબજ બેદરકાર માલુમ પડી રહ્યું છે. તંત્ર હંમેશને માટે રોગચાળો પુરેપુરી રીતે ફેલાય તેની રાહ જોઈ રહ્યું હોય તેમ માલુમ પડી રહ્યું છે. તંત્ર આ કચરાના ઢગ અને યોગ્ય સાફ સફાઈ અતિશય વરસાદ થાય તે પહેલા કરાવે અને પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

## આજે ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૪

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ડૉ. બાબા સાહેબ આંબેડકરને ૧૫મી જૂને વિદેશ અભ્યાસ અર્થે મોકલ્યા હતા. જે બાબતને આજે સો વર્ષ થતાં અનુસૂચિત જાતિ મોરચો, ભાજપ, ગાંધીનગર શહેર અને જિલ્લાના હોદ્દેદારો, સભ્યો તેમજ રસ ધરાવતા કાર્યકર્તા ભાઈ-બહેનોની બેઠક આજે ૧૫મી જૂન ૨૦૧૩ને સાંજે ૪ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

આ બેઠકમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડા (નિવૃત્ત કલેકટરશ્રી) ગાંધીનગર શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ડૉ. નીતીન અંજાન, ગ્રામ્યના પ્રમુખ બળદેવભાઈ કટારીયા, ગાંધીનગર પૂર્વ વિભાગના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, દક્ષિણ વિભાગના ધારાસભ્ય શંભુજી ઠાકોર મહાનગરપાલિકા ગાંધીનગરના કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર, કાંતિભાઈ પરમાર, કે.આઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ પ્રસંગે સર્વે ભાઈ-બહેનોને બેઠકમાં ઉપસ્થિત રહેવા અને ડૉ. બાબા સાહેબ આંબેડકરને યાદ કરી તેમણે કરેલા ઉમદા કાર્યોને બિરદાવવા અનુરોધ કર્યો છે.

## ગાયત્રી ફલોર મિલમાં ૨૧મી સુધી મફત અનાજ દળી અપાશે

ગાંધીનગરના સેકટર-૪ના શોપીંગ સેન્ટર ખાતે આવેલી ગાયત્રી ફલોર મિલના નામથી એક નવી ઘંટી શરૂ થઈ છે. જેમાં ઉદ્ઘાટન નિમિત્તે ૨૧મી જૂન સુધી મફતમાં અનાજ દળી આપવાની ફલોર મિલના માલિકે જાહેરાત કરી છે. સામાન્ય રીતે સાદા કાંટામાં ગ્રાહકોને વજન ઓછુ મળવાની ફરિયાદો હોય છે ત્યારે ગાયત્રી ફલોર મિલમાં ઈલેક્ટ્રોનિક ડીઝીટલ કાંટો મુકાયો છે જેથી ગ્રાહકોને આ વજન બાબતે છેતરપીંડી થવાની સંભાવના નહીવત રહેશે.

## ગજ્જર સુથાર સમાજની રાજ્યસ્તરીય બેઠક યોજાઈ

ગજ્જર સુથાર સમાજ ગુજરાતની રાજ્યસ્તરીય બેઠક તાજેતરમાં લોટીયા ભાગોળ, ચામુંડામાતા મંદિરના હોલમાં આણંદ ખાતે મળી હતી.

રાજ્યસ્તરીય બેઠકમાં જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ કાંતિભાઈ ચાવડા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સમાજ કલ્યાણ અધિકારીએ સમાજના આગામી સમૂહ લગ્નોત્સવમાં ગત વર્ષની માફક ચાલુ વર્ષે પણ દરેક યુગલની લગ્ન નોંધણી સ્થળ પર જ થઈ જાય તે અંગે અને ફોર્મમાં માહિતી તથા આધાર પુરાવાની વિગતવાર સમજ મળી રહે તે અંગેની સમજુતી આપી હતી. જેથી દરેક યુગલને ૨૦,૦૦૦ રૂ.નો ચેક ચાલુ વર્ષે પણ સરકારી સહાયરૂપે મળી રહે. મદદનીશ અધિકારી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી અને લાભ કેવી રીતે મેળવી શકે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

સમાજના અગ્રણી ડાહ્યાભાઈ ગજ્જર, ઉદ્યોગપતિ ઘનશ્યામભાઈ સુથાર, અરવિંદભાઈ સુથાર, ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી, હનુમાનભાઈ મિસ્ત્રી, ચંદ્રકાન્ત મિસ્ત્રી, મહિલા અગ્રણી શોભનાબેન, પદ્માબેન, નીકિતાબેન, નાપાડના પરસોત્તમદાસ, ગનીભાઈ, અમદાવાદના ભગવાનદાસ, પ્રવીણભાઈ, ડભાસણના કાન્તીભાઈ, ગોવિંદભાઈ, વિઠ્ઠલભાઈ, નરસિંહભાઈ, સંજયભાઈ ગજ્જર વગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## આવતીકાલે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેકટર-૨૦માં નિવાસ કરતા હર્ષદભાઈ જેઠાલાલ પુરોહિતના પ્લોટ નં. ૨૯૦, હરિદીપ ફ્લેટ ખાતે આવતીકાલે તા. ૧૬મી જૂને અશ્વિનકુમાર પાઠકની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમનો દરેક ધર્મપ્રેમીજનો લાભ લેશે.





(તસવીર : હસમુખ આચાર્ય, નિખિલ શાસ્ત્રી)

# દહેગામના વાસણા રાઠોડના સિમાડે ધમધમતી કેરીના રસની ફેકટરીમાં તપાસ કરવા પ્રજાજનોની માંગ

દહેગામ, તા.૧૪

દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામને સિમાડે ગલુદણ પાટીયા જવાના માર્ગે આવેલ પાટીદાર એગ્રો એન્ડ ફુડ પ્રોડકટસ નામની કેરીનો રસ બનાવતી ફેકટરીમાં ટ્રકોની ટ્રકો ભરીને કેરીઓનો જથ્થો આવે છે. જેમાં બગડેલી અને ડાઘી કેરીઓ તેમજ કાર્બાઈડ કેમિકલ દ્વારા પકવવામાં આવતી કેરીઓ હોવા અંગેની બુમરાણ ઉઠવા પામી છે ત્યારે આ ફેકટરીની ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સત્વરે તપાસ હાથ ધરે તેવી લોક માંગણી ઉઠવા પામી છે. વાસણા રાઠોડ ગામને અડી આવેલ ગલુદણ પાટીયા જવાના માર્ગે આવેલ ખેતીની જમીનો પર પાટીદાર એગ્રો એન્ડ ફુડ પ્રોડકટસ નામની કેરીનો રસ બનાવતી ફેકટરી જે ખેતીની જમીનને ઔદ્યોગિક હેતુ માટે બિન ખેતી કરાવેલ છે. મજુરોને લઘુત્તમ વેતન ચુકવાય છે, સેફટીના સાધનો, જરુરી પ્રમાણપત્રો વગેરે લાગુ પડતા કાયદાનું કેટલા અંશે પાલન થાય છે તે અંગે તપાસ થાય તે જરુરી છે. જયારે એગ્રો ઈન્ડસ્ટ્રીયલ નોડલ એજન્સીના નેજા અને સહયોગ હેઠળ સબસીડાઈડેડ યુનિટ હોય તો પણ તેને લાગુ પડતા સંબંધી કાયદાઓની અને સદર યુનિટની મંજુરીની શર્તોના પાલનની તેમજ ફુડનું ઉત્પાદન હોઈ ઉત્પાદીત કેરીનો રસ જેમાં ઉપયોગમાં લેવાતી ડાઘી કેરીને લઈ પ્રજાના આરોગ્ય અને સુખાકારી અને સલામતીને કોઈ નુકશાન તો પહોંચાડવામાં આવતું નથી કે? ઉત્પાદીત કેરીના રસના નમુના લઈ ઉપરોકત તમામ બાબતો અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સહિતના સંબંત વિભાગના કર્મીઓ રૂબરૂ મુલાકાત લઈ જરુરી કાર્યવાહી હાથ ધરે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬

સૂર્યાસ્ત : ૭.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

મેન ઓફ સ્ટીલ ૩ડી (હિન્દી): ૧૦.૨૦, ૧.૨૦,૪.૨૦, ૭.૨૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :

યે જવાની હૈ દિવાની ૨ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી) : ૯.૦૦

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૦૦, ૩.૦૦, ૯.૦૦

યે જવાની હૈ દિવાની : ૬.૦૦

: સ્ક્રીન-૪ :

ફુકરે : ૮.૫૦, ૧૧.૩૫, ૨.૨૦, ૫.૦૫, ૭.૫૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

ફુકરે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મિ. અવતાર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફુકરે : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

મેન ઓફ સ્ટીલ : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

અંકુર અરોરા મર્ડર કેસ : ૧૦.૦૦,

યમલા પગલા દીવાના-૨ : ૧૨.૧૫, ૬.૧૫

યે જવાની દીવાની : ૩.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

પ્રીત છૂટે નહિ સાથ છૂટે નહિ - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : અધૂરા કાર્યો પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. કાર્યયોજનાપર અમલ કરવું જરૂરી છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : આર્થિક સંપન્નતામાં વધારો થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. બકાભાઈ નાથાભાઈ પટેલ (ઉ.વ.૬૫) મુ.પો. મોટા ચીલોડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. તેજસ રામજીભાઈ પરમાર (ઉ.વ.૨૮) પ્લોટ નં. ૧૪૩૧/૧, સેક્ટર-૩સી, ગાંધીનગર.